| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૦૭/૦૨/૨૦૨૩ મંગળવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૩૯/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૧ કેસ કરી, ૨૫ વ્યક્તિઓને ઝડપી, ૯૧ લીટર દેશી દારૂ, ૯૨ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૬૬૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૩ કેસ કરી ૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૯૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૪૦/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિની અને પાસા હેઠળ ૨ વ્યક્તિની અટકાયત કરી હતી.

### છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૨૪૧/૨૦૨૩

**ઈસનપુરઃ** ડૉ.જયશ્રીબહેન ડો/ઓ નંદલાલ વાઢેર (ઉ.વ.૪૨) (રહે. અંબિકા ટેનામેન્ટ જસપાર્ક સોસાયટી સામે ઇસનપુર) એ તા.૦૬/૦૨/૨૦૨૩ ના રોજ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ડૉ.જયશ્રીબહેન વાઢેર પોતાના ફોનમા આઇ.સી.આઇ.સી.આઇ.બેંકની એપ્લીકેશનનો ઉપયોગ કરતા હોઈ જે એપ્લીકેશન ખુલતી ન હોય તા.૧૮/૦૧/૨૦૨૩ ના રોજ ડૉ.જયશ્રીબહેન વાઢેરે આઇ.સી.આઇ.સી.આઇ.બેંકની 'IBIZZ' નવી એપ્લીકેશન ડાઉનલોડ કરતા જેમા કસ્ટમર કેર નંબર આપેલ હતો જે નંબર પર સંપર્ક કરતા તેઓએ કસ્ટમર કેરમાંથી વાત કરતા હોવાની ઓળખ આપી જયશ્રીબહેન વાઢેરના મોબાઈલમાં લીંક મોકલી એપ્લીકેશન ખોલવા માટે પ્રોસેસ કરાવી ડૉ.જયશ્રીબહેન વાઢેરેના ખાતામાંથી રૂપિયા ૮૫,૩૦૮/- ઇન્ટરનેટના માધ્યમથી ટ્રાન્સફર કરી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી.ડી.ગોહીલ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૪૨/૨૦૨૩**

**સોલા હાઈકોર્ટ**ઃ રાજેશભાઇ સુધાંશુભુષણ દાસ (રહે. એસ.પી.રીંગ રોડ રત્નાકર જૈન મંદિર ગ્રીનવુડની બાજુમાં ઓગણજ) એ તા.૦૬/૦૨/૨૦૨૩ ના રોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.03/૦૨/૨૦૨૩ રાતના ૨/૦૦ વાગ્યાના સુમારે ઓગણજ એસ.પી.રીંગ રોડ પર રત્નાકર જૈન મંદિરની ઓફિસના ટેબલના ડ્રોવરમાંથી રોકડ રૂપિયા ૩૦,૦૦૦/- તેમજ ઓફિસની તીજોરીમાંથી પુજાનો સામાન, જર્મન સીલ્વરના બે સેટ કિમત રૂપિયા ૨૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૫૫,૦૦૦/- મતા બે પુરૂષ ચોરી કરી લઇ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.ડી.રવીયા ચલાવે છે.

**શાહપુર**ઃ સાબીરહુસેન મુસ્તાકહુસેન શેખ (રહે. કાણીખાંડનો મહોલ્લો દીલ્લી ચકલા શાહપુર) એ શાહપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૬/૦૨/૨૦૨૩ સવારના ૧૦/૦૦ થી સાંજના ૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનનો દરવાજો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરીમાંથી સોનાની વીંટી નંગ-૨ કિમત રૂપિયા ૩૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૨૨,૦૦૦/- તેમજ ઘર બહારથી ગેસનો સિલીન્ડર કિમત રૂપિયા ૧,૦૦૦/- મળી કુલ રૂપિયા ૫૩,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પો.સ.ઇ ડી.એચ.ચૌધરી ચલાવે છે.

**રાણીપ**ઃ જીગરભાઇ પ્રકાશભાઇ વ્યાસ (રહે. બાલારામ સોસાયટી ગાયત્રી બસ સ્ટેશન પાસે રાણીપ) એ તા.૦૬/૦૨/૨૦૨૩ ના રોજ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૦૨/૨૦૨૩ બપોરના ૪/૦૦ થી તા.૦૬/૦૨/૨૦૨૩ કલાક ૧૦/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન રાણીપ મૃદૂલ એપાર્ટમેન્ટ ખાતે રહેતા જીગરભાઈ વ્યાસના સબંધીના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના, મુર્તી, ચાંદીના સિક્કા અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૧૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.આર ઝાલા ચલાવે છે.

**અપમૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૪૩/૨૦૨૩**

**ચાંદખેડા**ઃ ચાંદખેડા ઝુંડાલ એચ.પી.પેટ્રોલપંપ પાછળ ઇન્દિરા આવસ યોજનાના મકાન બ્લોક નં-૯ નવી બનતી સાઇટ ખાતે રહેતા અને ત્યા જ કામ કરતા દિલિપ સ/ઓ મકારૂ ધરૂઆ (ઉ.વ.૩૨) (મુળ વતન. ગામ-વિનયપદ તા-પટનાગર જી-બોલાગીર ઓડીશા) તા.૦૬/૦૨/૨૦૨૩ સવારના ૭/૦૦ વાગ્યાના સુમારે સાઈટ પરથી નીચે પડી જતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે સોલા સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાયમલભાઇ પનાભાઇ ચલાવે છે.

**<u>દાઝી જતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૪૪/૨૦૨૩</u>**

**નિકોલઃ** નિકોલ લીલાનગર પ્રભાતભાઇની ચાલી ખાતે રહેતા વિનોદભાઇ રાકેશનારાયણ રાવતની ૧૪ માસની પુત્રી ગુનગુન તા.૦૫/૦૨/૨૦૨૩ સવારના ૧૦/૩૦ વાગ્યાના સુમારે બાથરૂમમાં ગરમ પાણી ભરેલ પ્લાસ્ટીકની ડોલમાં પડી જતા દાઝી ગઈ હતી. સારવાર માટે તેને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવી હતી. જયાં સારવાર દરમ્યાન તા.૦૬/૦૨/૨૦૨૩ કલાક ૭/૧૫ વાગે તેનુ મૃત્યું નિપજયું હતુ. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એ.વી.પીપરોત્તર ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૪૫/૨૦૨૩</u>**

**ગાયકવાડ હવેલીઃ** યુનુસભાઈ નુરમોહમદ શેખ (ઉ.વ.૫૪) (રહે. ગલી નંબર-૧ મોટી સોદાગરની પોળ જમાલપુર) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૨/૨૦૨૩ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે રાયખડ ચાર રસ્તા પાસે રાજા સિલેક્શન નામની રેડિમેઈડ નામની પોતાની દુકાન ખાતે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને એ.વી.પી.હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ગાયકવાડ હવેલી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી રાજેન્દ્રકુમાર અંબાલાલ ચલાવે છે.

**નારોલઃ** હિરેનસીંગ સમશેરપાલસીંગ ઢીલ્લોન (ઉ.વ.૪૨) (રહે. સમ્રાટનગર સોસાયટી સ્મૃતિ મંદિર રોડ ઇસનપુર નારોલ) એ અગમ્ય કારણસર તા.૦૬/૦૨/૨૦૨૩ કલાક ૧૦/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના હુકમાં પ્લાસ્ટીકનો પટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિંહ ભગવતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી